©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVI] TUESDAY, 12th AUGUST, 2025/SRAVANA 21, 1947 [No. 5038

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-II EXTRAORDINARY

અધિસુચના

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯

જુઓ નિયમ-૨૬ (૯)

નગર રચના યોજના નં. ૧૦ (રખિયાલ) (ત્રીજો ફેરફાર)

પ્રારંભિક યોજના

નં. ન.ર.યો./નં. ૧૦(રખિયાલ) (ત્રીજો ફેરફાર)/પ્રા.યો. એવોર્ડ અધિસુચના/જનરલ/૩૬૭૬/૨૦૨૫.-ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૫૨ ની પેટા કલમ(૧) ની જોગવાઈઓ અનુસાર, તેમજ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ના નિયમ-૨૬ ના પેટા નિયમ (૯) મુજબ નગર રચના અધિકારી તરીકેના મારા, પ્રારંભિક નગર રચના યોજના નં. ૧૦ (રખિયાલ) (ત્રીજો ફેરફાર) અંગેના નિર્ણયો તા. ૧૧-૦૮-૨૦૨૫ના સોમવારના રોજ જાહેર કર્યા છે.

સદરહુ કાયદાની કલમ-૫૨ ની પેટા કલમ-(૨) તેમજ કલમ-૬૪ ની જોગવાઈઓ અનુસાર પ્રારંભિક યોજના સરકારશ્રીમાં મંજુરી માટે સાદર કરવામાં આવી રહેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ ના નિયમ-૨૬ ના પેટા નિયમ (૯) ની જોગવાઈ અનુસાર નગર રચના અધિકારી તરીકે જે તે પ્લોટ માટે લીધેલ મારા નિર્ણયોના ઉતારા નમૂનો-''૬'' ની નકલ યોજનામાં સમાવિષ્ટ દરેક જમીન માલિકોને તેમજ તેમાં હિત ધરાવનાર વ્યકિતઓને પહોંચાડવાની તજવીજ કરવામાં આવી રહેલ છે.

તૈયાર કરવામાં આવેલ ઉપરોકત પ્રારંભિક યોજનાની સંપુર્ણ માહિતી, નકશાઓ તેમજ નિર્ણયોની એક નકલ નગર રચના અધિકારીશ્રીની કચેરીમાં રજાના દિવસો સિવાય કચેરી સમય દરમ્યાન નિરીક્ષણ માટે ખુલ્લા રાખવામાં આવેલ છે. સદરહુ યોજનાની સમજણ આપવા માટે કચેરીમાં યોગ્ય વ્યવસ્થા કરવામાં આવેલ છે.

તા. ૧૧-૦૭-૨૦૨૫
સ્થળ : અમદાવાદ

ડી. એસ. પટેલ
નગર રચના અધિકારી
નગર નિયોજક-૪
અમદાવાદ નગર રચના યોજના, એકમ-૨
અમદાવાદ

કચેરીનું હાલનું સરનામું :
નગર રચના અધિકારીશ્રીની કચેરી, નગર નિયોજક-૪,
અમદાવાદ નગર રચના યોજના એકમ-૨, ત્રીજો માળ,
ઓફિસ નં. ૩૧૭ થી ૩૨૨, મલ્ટીલેવલ પાર્કીંગ એન્ડ કોમર્શિયલ કોમ્પલેક્ષ,
નવરંગપુરા બસ સ્ટેન્ડની પાછળ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯.

Signature Not Verified
Signed by:SUBIR KUMAR GHOSH
Date: 2025.08.13 09:10:39 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Rajkot